## જન્મદિને વધામણી



પારૂલબેન
કૌશિકકુમાર ખડાયતા



મંથન
કૌશિકકુમાર ખડાયતા

# ઓછી હાજરી હોય તો વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા ન દેવાય : હાઈ કોર્ટ

## હોમિયોપેથીની વિદ્યાર્થિનીના કેસમાં મુંબઈ હાઈ કોર્ટ દ્વારા ચૂકાદો આપવામાં આવ્યો

મુંબઈ, તા.૨૭

ઓછી હાજરીને કારણે કોલેજ તરફથી ગેરલાયક ઠરાવવામાં આવતા હોમિયોપથીની વિદ્યાર્થિનીને તેની પ્રથમ વર્ષની રિપીટ એક્ઝામિશન આપવાની પરવાનગી ન આપી શકાય, એમ મુંબઈ હાઈ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું. ચાલુ અઠવાડિયાની શરૂઆતમાં કોર્ટમાં ધા નાખનારી ફાકેહા બદામીએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે થાણે જિલ્લાના ભિવંડીમાં આવેલી સાઈ હોમિયોપથિક મેડિકલ કોલેજમાં તેને હિજાબ પહેરીને લેક્ચરમાં બેસવાની પરવાનગી આપવામાં આવતી નહોતી. તેથી તેની હાજરી ઓછી હતી. તેમ છતાં કોલેજ તરફથી તેના આક્ષેપોને નકારી કાઢવામાં આવ્યા હતા અને કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે ફક્ત તેની નબળી હાજરીને કારણે તેને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવી હતી.

'કોલેજની ઈચ્છા છે કે તે ચાલુ વર્ષે ડિસેમ્બરમાં યોજાનારી સેકન્ડ રિપીટ એક્ઝામ આપે અને તે દરેક લેક્ચરમાં હાજર રહે જે નવેમ્બર સુધી યોજાશે', એમ કોલેજ તરફથી જણાવાયું હતું.

કોર્ટે કોલેજનું નિવેદન સ્વીકાર્યું હતું અને કહ્યું હતું કે અમને આશા છે કે તે રિપીટ લેક્ચરમાં હાજર રહેશે અને કોલેજ તેને પરીક્ષામાં બેસવાની પરવાનગી આપશે અને તેને લેક્ચરમાં બેસાડવાનો ઈનકાર નહીં કરે જેમ કે તેનું કહેવું છે કે હિજાબને કારણે તેને લેક્ચરમાં બેસવા દેવામાં આવતી નહોતી.

### એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ દ્વારા

# ડિપ્લોમાના દ્વિતિય વર્ષમાં પ્રવેશ માટેની કામચલાઉ મેરિટ યાદી જાહેર કરાઈ

## મોક રાઉન્ડ માટે શુક્રવારથી ચોઈસ ફિલિંગ શરૂ થયું છે જે ૨૯ મે સુધી ચાલશે

ગાંધીનગર, તા. ૨૭

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ દ્વારા ડિપ્લોમા બીજા વર્ષમાં પ્રવેશ માટેની (C to D)ની કામચલાઉ મેરિટ યાદી શુક્રવારે જાહેર કરવામાં આવી હતી. આ મેરિટ યાદીમાં ૨,૩૬૪ વિદ્યાર્થીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે ૧૩ વિદ્યાર્થીઓને મેરિટ યાદીમાં સ્થાન મળ્યું ન હતું. કામચલાઉ મેરિટ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો મોક રાઉન્ડમાં ભાગ લઈ શકશે. મોક રાઉન્ડ માટે શુક્રવારથી ચોઈસ ફિલિંગ શરૂ થયું છે અને ૨૯ મે સુધી ચાલશે. મેરિટ યાદીમાં ક્ષતિ જણાય તો એડમિશન કમિટી સમક્ષ રજૂઆત કરી શકાશે..

એડમિશન કમિટીએ શુક્રવારે C to D પ્રવેશ-૨૦૧૮ની કામચલાઉ મેરિટ યાદી પ્રસિદ્ધ કરી હતી. ધોરણ-૧૦ પાસ અને ટેકનિકલ પરીક્ષા બોર્ડ પેટર્ન અથવા આઈટીઆઈના બે વર્ષના સર્ટિફિકેટ કોર્સ કરેલા ઉમેદવારોને શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમોને આધીન તત્સમાન ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમના બીજા વર્ષમાં સીધા પ્રવેશ માટેની ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ૨૧ મેના રોજ પૂર્ણ થઈ હતી. નિર્ધારીત ૧૨૭ હેલ્પ સેન્ટરો ખાતેથી ૨,૬૩૩ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૨,૩૭૭ ઉમેદવારોએ દસ્તાવેજની ચકાસણી કરાવી હતી. ૨,૩૭૭ ઉમેદવારો પૈકી ૫ ઉમેદવારોએ પરીક્ષા અન્ય રાજ્યમાંથી પાસ કરી હોય તેઓનો સમાવેશ પ્રથમ કામચલાઉ યાદીમાં કરવામાં આવ્યો નથી. જ્યારે ૮ ઉમેદવારો નિયમાનુસારની જરૂરી લાયકાત ધરાવતા ન હોવાથી તેઓનો સમાવેશ પ્રથમ કામચલાઉ યાદીમાં કરાયો નથી. તત્સમાન ડિપ્લોમા માટે મેરિટમાં સમાવિષ્ટ ઉમેદવારો પૈકી સિવિલમાં ૩૭૩, મિકેનિકલ ૯૬૧, ઈસી ૬૪૨, કમ્પ્યુટર ૫૨, આઈસી ૧૦૦ અને કેમિકલ ૨૩૬ છે. કામચલાઉ મેરિટમાં સમાવિષ્ટ ઉમેદવારો હવે ૨૯ મે સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે. ત્યારબાદ ૧ જૂનના રોજ મોક રાઉન્ડનું પરિણામ જાહેર કરાશે.

# પીએચડી અને એમફિલ માટે હવે ઈન્ટર્વ્યૂની જરૂર નહીં રહે

## ફક્ત લેખિત પરીક્ષાના આધારે જ પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૨૭

દેશભરમાં પીએચ.ડી અને એમ.ફિલમાં પ્રવેશ માટ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન(યુજીસી) દ્વારા નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે, જે અંતર્ગત હવે પીએચ.ડી અને એમ.ફિલ.માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપવો પડશે નહીં. એનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે, હવે ફક્ત લેખિત પરીક્ષાના માર્કને આધારે જ પ્રવેશ આપવામાં આવશે. વર્ષ ૨૦૧૬માં યુજીસીએ નોટિફિકેશન જાહેર કર્યું હતું કે, પીએચ.ડી અને એમ.ફિલ.માં પ્રવેશ માટે ૭૦ ટકા વેઈટેજ લેખિત પરીક્ષા અને ૩૦ ટકા વેઈટેજ ઈન્ટરવ્યુનું ગણવામાં આવતું હતું.

જો કે હવે વિવાદાસ્પદ એવા ઈન્ટરવ્યુના નિયમને આજે રદ કરવામાં આવ્યો છે, જેના કારણે હોશિયાર વિદ્યાર્થીઓને ફાયદો થશે, તેમજ પ્રવેશ પ્રક્રિયા પારદર્શક રીતે થઈ શકશે. યુજીસી દ્વારા એસ.ટી., એસ.સી., ઓબીસી કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પાંચ ટકાની છૂટ આપી છે. આ સાથે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓએ ૫૦ ટકા માર્ક મેળવવા પડશે, જ્યારે અનામત કેટેગરીના વિદ્યાર્થીઓએ માટે ૪૫ ટકા માર્ક લાવવા પડશે. ત્યારબાદ જ પ્રવેશ મળી શકશે.

અહીંયા એ બાબત નોંધવી રહી કે, યુજીસીના જૂના નિયમ મુજબ પીએચ.ડી અને એમ.ફિલ.માં પ્રવેશ માટે લેખિત પરીક્ષામાં ૫૦ ટકા માર્ક લાવે એ જ વિદ્યાર્થી ઈન્ટરવ્યુ યોગ્ય ગણાતા હતાં. છતાં પ્રવેશ ઈન્ટરવ્યુના આધારે જ આપવામાં આવતો હતો, જેના કારણે 'લાગવગ તેની લાયકાત' મુજબ પ્રવેશ મળતો હોવાના આક્ષેપો પણ થયા હતાં. આ બાબતને ધ્યાને લઈને હવે જૂના નિયમો રદ કરવામાં આવ્યા છે.

# મેડિકલમાં પ્રવેશ માટે ૨૫ જૂનથી પહેલો રાઉન્ડ

ગાંધીનગર, તા. ૨૭

ધો.૧૨ સાયન્સના પરિણામ બાદ મેડિકલમાં પ્રવેશ માટે આગામી તા.૨૫મી જૂનથી ૫મી જુલાઈ વચ્ચે પ્રથમ રાઉન્ડ કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવે તેઓએ તા.૧૨મી જુલાઈ સુધીમાં રિર્પોટિંગ કરવાનું રહેશે. આ વખતે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા તા.૧૮મી ઓગસ્ટ સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવાની સૂચના આપવામાં આવી છે. જેના કારણે ગુજરાતમાં પણ આ દિવસ સુધીમાં પ્રક્રિયા પૂર્ણ થાય તેવી કાર્યવાહી કરવામાં આવશે. .

મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે નીટનુ પરિણામ આવ્યા બાદ પ્રવેશ પ્રક્રિયાનો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. પરંતુ હાલમાં પ્રવેશ સમિતિ દ્વારા તા.૨૫મી જૂનથી ૫મી જુલાઈ વચ્ચે પ્રવેશનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ કરી દેવાનું નક્કી કરાયું છે. નીટનું પરિણામ આવ્યા બાદ અંદાજે તા.૨ જૂનથી લઈને ૧૨મી જૂન વચ્ચે વિદ્યાર્થીઓને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવશે. જયારે બીજો રાઉન્ડ ૧૫મી જુલાઈથી લઈને ૩૦મી જુલાઈની વચ્ચે કરવામાં આવશે.

### દિવ્ય હેત અખબાર અને જયસ્વાલ બંધુઓના સહયોગથી સતત પાંચમા વર્ષે

# 'વિદ્યાદાન અભિયાન - ૨૦૧૮'નો વિધિવત પ્રારંભ







ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદમાં નરોડાથી પ્રકાશિત થતા 'દિવ્ય હેત' અખબાર અને જયસ્વાલ બંધુઓના સહયોગ દ્વારા ચાલતા વિદ્યાદાન અભિયાન અંતર્ગત ચોપડાઓનું લોકાર્પણ રવિવારે કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે દિવ્ય હેત અખબાર અને જયસ્વાલ બંધુઓ દ્વારા સંયુક્ત રીતે વર્ષ ૨૦૧૪થી વિદ્યાદાન અભિયાન ચલાવવામાં આવે છે. અભિયાન અંતર્ગત સમાજના લોકો પાસેથી દાન એકત્ર કરી ચોપડા તૈયાર કરાવવામાં આવે છે અને જયસ્વાલ સમાજના કોઈપણ વિદ્યાર્થીને તેના ગુણ કે ટકાવારી જોયા વિના એકસરખા પ્રમાણમાં અભ્યાસ હેતુ આ ચોપડા ભેટ ધરવામાં આવે છે.

વિદ્યાદાન અભિયાન-૨૦૧૮ અંતર્ગત ચોપડાના લોકાર્પણ માટેનો સમારોહ દિવ્ય હેત કાર્યાલય, નરોડા ખાતે રવિવારે સવારે યોજવામાં આવ્યો હતો. આ અભિયાન માટે આર્થિક સહયોગ પૂરો પાડનારા દરેક પરિવારને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. આ દાતા પરિવારોના હસ્તે જ ચોપડાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

દિવ્ય હેતના તંત્રી અને આ અભિયાનના પ્રણેતા હેતલકુમાર મોહનલાલ જયસ્વાલે આ પ્રસંગે દાતાઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરતાં વિદ્યાદાન અભિયાનની શરૂઆતથી આજદિન સુધીની યાત્રાની રસપ્રદ વિગતો આપી હતી. સમાજનાં એક સેવાભાવી મહિલાએ આપેલું દાન આજે વિદ્યાદાન અભિયાન બનીને અનેક વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થઈ રહ્યું છે એ વાત પ્રતિ એમણે સૌનું ધ્યાન દોર્યું હતું.

ઉલ્લેખનીય છે કે વિદ્યાદાન અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૪માં ૧૫૦૦ ચોપડા, ૨૦૧૫માં ૨૭૦૦ ચોપડા, ૨૦૧૬માં ૩૦૦૦ ચોપડા, ૨૦૧૭માં ૩૫૦૦ ચોપડા તૈયાર કરાવીને જયસ્વાલ સમાજના વિદ્યાર્થીઓને વહેંચવામાં આવ્યા હતા. હવે ૨૦૧૮માં ૪૦૦૦ ચોપડા તૈયાર કરાવવામાં આવ્યા છે, જેનું લોકાર્પણ રવિવારે થયા બાદ હવે સોમવારથી તે જયસ્વાલ સમાજના વિદ્યાર્થીઓ સુધી પહોંચવા લાગશે.

દિવ્ય હેત કાર્યાલય ખાતેથી વિદ્યાર્થીઓને આ ચોપડા નિઃશુલ્ક આપવામાં આવશે.

### સારા વરસાદના હેતુસર ગુજરાત સરકાર દ્વારા

# ૩૧મીથી રાજ્યભરમાં જિલ્લાદીઠ 'પર્જન્ય યજ્ઞ' યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં અનેક સ્થાનોએ સારો વરસાદ થાય એ માટે 'પર્જન્ય યજ્ઞ' કરવાનું આયોજન તા.૩૧મી મેના રોજ જિલ્લા દીઠ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે અનેક જ્યોતિષો, વિદ્વાનો માને છે કે મંત્રોનો પ્રભાવ ચોક્કસ હોય છે. આ ધ્વનિશક્તિનો પ્રભાવ છે. ભારતીય પરંપરામાં સ્થળ, કાળને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. માટે જ જ્યોતિષશાસ્ત્ર મુજબ ચોક્કસ સમયે, વાસ્તુશાસ્ત્ર મુજબના ચોક્કસ સ્થળે યજ્ઞ કરવામાં આવે તો તેનો પ્રભાવ પણ ચોક્કસ પડે છે અને જે-તે સંકલ્પ કરનારાને પોતાના સંકલ્પ મુજબનું ફળ પણ પ્રાપ્ત થાય છે. જેમકે, જો પર્જન્ય યજ્ઞ કે જે વરસાદ લાવવા માટે કરવામાં આવે છે, તેમાં જળમાં બેસીને ભૂદેવો અગ્નિમાં આહુતિ આપે છે. જ્યારે અતિવૃષ્ટિને રોકવા માટે જે યજ્ઞ કરવામાં આવે છે, તેમાં નદી કે તળાવમાં બહાર બેસીને ભૂદેવો જળમાં આહુતિ આપે છે. જેને 'સ્તંભન પ્રયોગ' પણ કહેવામાં આવે છે. પર્જન્ય યજ્ઞ કરતાં અલગ દ્રવ્યની આહુતિ અને અલગ મંત્રોનું ઉચ્ચારણ થાય છે.

વૈદિક કાળથી 'પર્જન્ય યજ્ઞ'નું આયોજન થાય છે. આ યજ્ઞચક્રની વાતને વિસ્તારપૂર્વક શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સમજાવવામાં આવી છે. યજ્ઞનો અર્થ થાય છે, દાન, સંગતિકરણ અને પૂજા. જ્યારે યજ્ઞ થાય છે ત્યારે અગ્નિમાં વિવિધ પ્રકારની આહુતિ આપવામાં આવે છે, સાથે જ વૈદિક મંત્રોચ્ચાર પણ થતાં હોય છે અને યજ્ઞનો ધૂમ્ર આકાશ તરફ જાય છે. જેમાં ચોક્કસ પ્રકારના દ્રવ્યની આહુતિ આપવામાં આવી હોય છે, તે પહોંચી જાય છે. ઈન્દ્રદેવ અને વરુણ દેવને પ્રાર્થના કરવામાં આવે છે.

દરેક મંત્રોનો ચોક્કસ પ્રભાવ હોય છે ત્યારે એ પ્રકારના મંત્રો જુદા-જુદા વેદનાં જાણકારો દ્વારા કરવામાં આવતા હોય છે. ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ (શુક્લ-કૃષ્ણ પણ ભિન્ન ઉચ્ચારણ છે) અને અથર્વવેદનું ઉચ્ચારણ અલગ-અલગ હોય છે ત્યારે ચારેય વેદોના વેદપાઠી ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવે છે અને તે સમયે પર્જન્ય યજ્ઞના માધ્યમે દેવોને વિનંતી કરવામાં આવે છે અને ત્યારે વરસાદ વરસે છે. આ પ્રકારનાં આયોજન ગુજરાતમાં અગાઉ અનેક વખત થયા છે અને તેનાં 'બહુજન હિતાય' પરિણામ પણ પ્રાપ્ત થયા છે. વિદેશમાં યજ્ઞ અંગે સંશોધન પણ થઈ રહ્યાં છે. ખાસ કરીને વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિ તરીકે યજ્ઞનો ઉપયોગ કરવા અંગેના પ્રયોગો પણ ચાલી રહ્યાં છે. આ સમગ્ર બાબત આપણા આર્ષદૃષ્ટા ઋષિઓનું માહાત્મ્ય વધારે છે અને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ પણ વધારે છે.

# આરટીઈ હેઠળ પ્રવેશની મુદત ૩૦મી મે

ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદ સહિત રાજ્યભરમાં આરટીઈ હેઠળ ગરીબ બાળકોને પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી અને તે અંતર્ગત અમદાવાદ શહેરમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ કરવામાં આવ્યો છે, જેમાં પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ માટે નામ હોય તે વિદ્યાર્થીઓ-વાલીઓએ શનિવારના દિવસે જે તે શાળામાં જઈને પ્રવેશ મેળવી લેવાનો હતો, પરંતુ હવે સત્તાવાળાઓ દ્વારા પ્રવેશ માટેની તારીખ લંબાવીને તા. ૩૦ મે કરવામાં આવી છે ત્યારબાદ કોઈપણ વિદ્યાર્થીને ને પ્રવેશ આપવામાં આવશે નહી એવી સ્પષ્ટ તાકીદ પણ શિક્ષણ સત્તાવાળાઓએ કરી છે. ત્યારબાદ તા.૨ જૂનથી બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. પ્રથમ રાઉન્ડમાં જે તે વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશની મુદત તા.૨૬મી મે સુધીની હતી, પરંતુ વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી આ મામલે રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામકને રજૂઆત કરાતાં હવે આ તારીખ લંબાવવામાં આવી છે, જે વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવાયો છે તે વિદ્યાર્થીઓએ તા.૩૦ મે સુધીમાં જે તે શાળામાં જરૂરી આધાર દસ્તાવેજો સાથે રૂબરૂમાં પ્રવેશ મેળવી લેવા તાકીદ કરાઈ છે. જે વિદ્યાર્થી આ તારીખ સુધીમાં પ્રવેશ મેળવી લેશે નહીં તેઓ તે શાળામાં પ્રવેશ મેળવા માગતા નથી તેમ માની લેવામાં આવશે તેમજ બીજા રાઉન્ડમાં અન્ય વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવામાં આવશે. હાલમાં આરટીઈ હેઠળ ધોરણ-૧માં પ્રવેશ ફાળવ્યા બાદ શાળાઓએ પોતાની મનમાની શરૂ કરી દીધી છે. શહેરની અનેક શાળાઓ કે જેમાં આરટીઈ અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યો હોય તેવી શાળાઓએ પ્રવેશ આપવાનો સાફ ઈન્કાર કરી દીધો છે. ગઈ કાલે અમૃતજ્યોતિ શાળાના સંચાલકોએ ૧૨ વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં મળે તેમ જણાવતાં વાલીઓ રોષે ભરાયા હતા. પૂર્વ વિસ્તારની શાળાઓ વિદ્યાર્થીઓ પાસે વધુ ફી માગી રહી હોવાની પણ ફરિયાદ મળી છે. ગરીબ અને મધ્યમવર્ગનાં બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રવેશ આપવાનો છે. એક જ પ્રક્રિયામાં જેટલી બેઠકો છે તે તમામ પર પ્રવેશ આપી દેવાના બદલે બે તબક્કામાં પ્રવેશ આપવા સામે પણ વાલીઓમાં નારાજગી ઊભી થઈ છે. જેમનાં ફોર્મ રિજેક્ટ કરવામાં આવ્યાં છે તેમને પણ વધુ એક તક આપવી જોઈએ તેવી માગણી વાલીઓ કરી રહ્યા છે. આ ઉપરાંત શહેરની નામાંકિત ગણાતી સ્કૂલોમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો તેની વિગતો પણ જાહેર કરવામાં આવી નથી. ખરેખર કઈ સ્કૂલમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો તેની સંપૂર્ણ વિગતો જાહેર કરવી જોઈએ, જે હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આમ, રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ચાલુ વર્ષે થયેલી કાર્યવાહી પારદર્શક ન હોવાની ફરિયાદો પણ વાલીઓ દ્વારા કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ વિવાદ વધુ વકરે તેવી પણ શકયતાઓ પ્રવર્તી રહી છે.

# ગુજરાત સરકાર વોટર રિ-સાઈકલિંગ પોલીસી જાહેર કરશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી શનિવારે વડોદરાની મુલાકાતે હતા. જ્યાં તેઓએ વડોદરા ખાતે ૩૨૨ કરોડાના વિવિધ વિકાસના કામોના લોકાર્પણ કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે રાજયમાં જળસંચય-જળસંગ્રહની ક્ષમતા વધારવા માટે રાજ્ય સરકાર ટૂંક સમયમાં ડ્રેનેજ વોટર રિ-સાઈકલિંગ પોલીસી જાહેર કરાશે. જેના દ્વારા ગટરના ગંદા પાણીને શુદ્ધ કરી ખેતી, ઉદ્યોગો તેમજ બાંધકામ ક્ષેત્રે ઉપયોગ કરવામાં આવશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડોદરા શહેરમાં ૩૦.૩૯ કરોડના ખર્ચે બનેલા શાસ્ત્રી બ્રિજનું લોકાર્પણ કર્યું હતુ. છાણી તળાવ ખાતે સુજલામ સુફલામ અંતર્ગત જળસચય અભિયાનનું પણ લોકાર્પણ કર્યું હતુ. મુખ્યમંત્રી આવસ યોજનાના LIG, MIG અને EWSનાં ૧૩૯૯ અવસોનાનો ડ્રો મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિવિધ એનજીઓ અને સંતોએ મુખ્યમંત્રીનું સ્વાગત કર્યું હતુ.

# આજે પરિણામનો નહીં, પરીક્ષાનો દિવસ



પ્રસંગસર

કુંતલ નિમાવત
knn786@gmail.com

પ્રિય વિદ્યાર્થીમિત્રો,

ધોરણ-૧૦ની પરીક્ષા તમે આપી અને હવે આજે એનું પરિણામ છે. પણ હું એમ કહું છું કે આજે પરિણામનો નહીં, પરીક્ષાનો દિવસ છે.

તમારાં આયોજનો, તમારાં સ્વપ્નો કે તમારી ઉપર લાદી દેવાયેલાં સ્વપ્નોની દિશામાં તમે આગળ વધશો કે દિશા બદલશો એ આજે પરિણામ આવ્યા પછી નક્કી થશે. એટલા માટે આજનો દિવસ એ પરીક્ષાનો દિવસ છે, પરિણામનો નહીં.

વળી, પરિણામની ચિંતામાં અનેક વાલીઓ, વિદ્યાર્થીઓ રાતભર ઉંઘ્યા નથી. વિદ્યાર્થીઓ એ ચિંતામાં નથી ઉંઘ્યા કે પરિણામ નબળું આવ્યું તો વાલીઓને શું મોઢું બતાવીશું અને વાલીઓ એ ચિંતામાં નથી ઉંઘ્યા કે પરિણામ સારું ન આવ્યું તો સમાજને શું મોઢું બતાવીશું! હકીકતે તો પરિણામથી જો કોઈને ખરેખર ફરક પડે છે તો તે માત્ર વિદ્યાર્થીને પોતાને, અન્ય કોઈને નહીં.

પરંતુ, આપણે ત્યાં જેમ પરીક્ષાનો મોટો હાઉ ઊભો કરી રાખવામાં આવે છે તેમ પરિણામને પણ બહુ મોટો મદાર બનાવી દેવામાં આવે છે. કેટલાક વીરલ વાલીઓ તો એવા પણ છે કે જેમણે એય વિચારી રાખ્યું છે કે આટલા ટકા આવશે તો આપણે આ ફેકલ્ટીમાં મોકલીશું ને તેટલા ટકા આવ્યા તો પેલા કોર્સમાં મોકલીશું! અને હકીકતે વિદ્યાર્થી માટે આ 'મોકલીશું' એ 'જોતરીશું' જેવું બની જાય છે.

મારે તમને કહેવું છે કે આજે પરિણામ ગમે તે આવે, એ પરિણામ ઉપર તમારી જિંદગીનો આધાર નથી જ એ વાત બરાબર સમજી લેવાની છે. કારણ કે એસએસસી બોર્ડની પરીક્ષા એ જિંદગીની છેલ્લી પરીક્ષા નથી અને એમાં સફળતા એ જ જિંદગીની સફળતા નથી. બોર્ડની પરીક્ષામાં ઉચ્ચ ક્રમાંક મેળવનારા અનેક વિદ્યાર્થીઓ જિંદગીની દોડમાં ક્યાંના ક્યાંય ખોવાઈ ગયા છે ને જિંદગીમાં એકપણ પરીક્ષા ન આપનારા કે અભ્યાસમાં સામાન્ય દેખાવ કરનારા વ્યક્તિઓ આજે પોતાની જિંદગીમાં સફળ છે, લોકો એમના પરથી પ્રેરણા લઈ રહ્યા છે એવું પણ બન્યું છે. બોર્ડની પરીક્ષાનો સારો દેખાવ એ સારા ભવિષ્ય તરફ એક પગલું હોઈ શકે છે, સારું ભવિષ્ય તો નહીં જ.

મહાત્મા ગાંધી, અમિતાભ બચ્ચન, આઈઝેક ન્યૂટન, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, વૉલ્ટ ડિઝની, હેન્રી ફોર્ડ, વિન્સ્ટન ચર્ચિલ, બિલ ગેટ્સ, ઓપ્રા વિનફ્રે, જિમ કેરી, બૅન્જામિ ફ્રેન્કલિન, સ્ટીફન કિંગ, સ્ટીવન સ્પીલબર્ગ, લેડી ગાગા, હૅરીસન ફોર્ડ, ધીરુભાઈ અંબાણી, રતન ટાટા, શિવ ખેરા, કૅટરીના કૅફ, નવાઝુદ્દીન સિદ્દીકી અને સલમાન ખાન. આ બધાં નહીં તો આમાંનાં ઘણાં નામો તમે સાંભળ્યાં હશે. આ બધાંમાં સામાન્ય બાબત એ છે કે આ સૌએ પહેલાં નિષ્ફળતાનો સ્વાદ ચાખ્યો હતો, પરંતુ એનાથી તેઓ હાર્યા નહોતા. તેમણે પોતાની મહેનત કાયમ રાખી હતી, જે કારણે આજે તેઓ પોતાનાં ક્ષેત્રોમાં ન માત્ર પોતાનું નામ અમર કરી શક્યા છે, પરંતુ અન્યો માટે માઈલસ્ટોન પણ બની શક્યા છે.

જિંદગી પ્રત્યેનો, તમારા અભ્યાસ પ્રત્યેનો ભરપૂર હકારાત્મક અનુભવ તમને કરોડો તકલીફો ને તાણથી દૂર રાખી શકે છે. 'પરિણામ જે આવે તે, મારે જે દિશામાં જવું છે એ દિશામાં હું આગળ વધીશ જ' એવી હકારાત્મકતા અને ખુમારી દરેક વિદ્યાર્થીએ પોતાના અંતરમાં જગાવવાની જરૂર છે.

મને થૉમસ ઍડિસનનું નામ અહીં યાદ આવે છે. થૉમસ ઍડિસનને આપણે લાઈટ-બલ્બના શોધક તરીકે ઓળખીએ છીએ. બલ્બની શોધ પહેલાં તેઓ હજારો વખત નિષ્ફળ થયેલા પરંતુ હાર્યા વગર પ્રયત્નરત રહ્યા ને આખરે તેમણે બલ્બની શોધ કરી. પરંતુ એ પછી એમનું જે હકારાત્મક વાક્ય હતું એ કરોડો લોકોને આજેય પ્રેરણા આપે છે. એમણે કહ્યું હતું : 'હું નિષ્ફળ નથી રહ્યો. મેં તો એ શોધ્યું છે કે કઈ ૧૦ હજાર રીતે બલ્બ નથી બની શકતો!'

જાત પરનો વિશ્વાસ, પરિણામને સહી લેવાની ને લડી લેવાની ખુમારી જિંદગીમાં સફળતા અપાવે છે. અને બોર્ડનું વર્ષ કે બોર્ડની પરીક્ષા એ જિંદગી નથી. જિંદગી એનાથી ઘણી વધારે મોટી, કિંમતી અને અગત્યની છે. અને એ વાત જિંદગી જીવશો ત્યારે જ ખબર પડશે. તો પરિણામની ચિંતા ન કરો, જિંદગીમાં આગળ વધો અને ભરપૂર જીવો. ગૂડ લક.

